# ડીસા નગરપાલિકા(બીજો પ્રયત્ન)

## ૧.કામની વિગત :–

ડીસા નગરપાલિકા વિસ્તારમાં સ્વચ્છતા માટે સફાઈ કામદારોને આપવા સફાઈના સાધનો સપ્લાયકરવાનું કામ.

## ૨.કોન્ટ્રાકટરની ટેન્ડર ભરવા માટેની પાત્રતા :–

1. ઈજારદાર જી.એસ.ટી નંબર ધરાવતા હોવા જોઈએ તેમજ છેલ્લ ૧ વર્ષમાં જી.એસ.ટી. ભર્યાની નકલ
2. ઈજારદાર પાન નંબર ધરાવતા હોવા જોઈએ.
3. બેંક સોંલવન્સીની નકલ
4. ગુમાસ્તાધારાના સર્ટીફીકેટની નકલ
5. વ્યવસાય વેરાના સર્ટીફીકેટની નકલ તેમજ છેલ્લા વર્ષમાં વ્યવસાયવેરા ભર્યાની નકલ
6. ISO 9001:2015 અને ISO 14001:2015 સર્ટીફીકેટની નકલ
7. ઈજારદારે નગરપાલિકામાં ૧ વર્ષનો માલ સામાન સપ્લાય કરવાનો અનુભવ ધરાવતા હોવા જોઈએ તેમજ સંતોષકારક કામગીરીનું પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.
8. છેલ્લા ૩ વર્ષના ટર્ન ઓવરની નકલ
9. છેલ્લા ૩ વર્ષના ઈન્કમટેક્ષ રીર્ટનની નકલ
10. જોઈન્ટ વેન્ચર માન્ય ગણાશે નહી.

## ૩. અન્ય શરતો :–

(૧) શરતી ટેન્ડર તેમજ અધુરી વિગતોવાળા ટેન્ડર માન્ય ગણાશે નહી.

(૨) સમય મર્યાદા બહારના ટેન્ડર તેમજ ઈ.એમ.ડી. વગરના ટેન્ડર માન્ય ગણાશે નહી.

(૩) નગરપાલિકામાં નિયત કરેલ સમય મર્યાદામાં મળેલ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વગર મંજુર કે નામંજુર કરવાની સત્તા ડીસા નગરપાલિકાની રહેશે. તેમજ તેમના નિર્ણય અંગે કોઈપણ કારણ આપવા બંધાયેલ નથી. તેમાં કોઈ વાંધો કે તકરાર ચાલશે નહી.

## ૪.ટેન્ડરની માહીતી :–

1. ટેન્ડર ચીફ ઓફીસરશ્રી ડીસા નગરપાલિકાના નામે તમામ ટેક્ષ સહીતના ભાવો ભરી ડીસા નગરપાલિકા તા.ડીસા જી.બનાસકાંઠાને સીલબંધ કવર તથા કવર ઉપર "ડીસા નગરપાલિકા વિસ્તારમાં સ્વચ્છતા માટે સફાઈ કામદારોને આપવા સફાઈના સાધનો સપ્લાય કરવાનું કામ" લખી મોકલવાનું રહેશે. ટેકનીકલ બીડ તથા ફાયનાન્સીયલ બીડ અલગ અલગ કવરમાં સીલ કરી મોકલવાનું રહેશે.

2. ટેન્ડર રજી.પોસ્ટથી મોકલવાના રહેશે અને કવર ઉપર ભાવ ભરનારનું પુરેપુરૂ નામ અને સરનામું ટેલીફોન નંબર મોબાઈલ નંબર સ્પષ્ટ લખવાના રહેશે.
3. ટેન્ડરમાં જણાવેલ આઈટમોના ભાવો સિવાય બીજા ભાવો ધ્યાનમાં લેવામાં આવશે નહી

૫.ઈ.એમ.ડી. પરત/જપ્ત

(૧) ના મંજુર થયેલ ટેન્ડરોની ઈ.એમ.ડી. નીચા ભાવના ટેન્ડર મંજુર થયા તારીખથી ૩૦ દિવસ બાદ ચીફ ઓફીસરશ્રીના નામે અરજી કર્યેથી પરત આપવાની કાર્યવાહી કરવામાં આવશે.

(૨) સમય મર્યાદામાં કામ શરૂ ન કરેથી નોટીસ આપી જરૂરી કાર્યવાહી કરી ઈ.એમ.ડી. જપ્ત કરવામાં આવશે.

(૩) ટેકનીકલ બીડ સાથે રૂ.૩૦,૦૦૦/– (અંકે રૂપીયા ત્રીસ હજાર) EMD માન્યતા પ્રાપ્ત બેન્કના ડીમાન્ડ ડ્રાફટ, પે–ઓર્ડર, બેન્ક ગેરેટીં પૈકી કોઈપણ એક સ્વરૂપે રજુ કરવાની રહેશે તથા ટેન્ડર ફી ના રૂા.૧૫૦૦/– (અંકે રૂપીયા પંદર સો પુરા) નો ડીમાન્ડ ડ્રાફટ સામેલ કરવાનો રહેશે.

(૪) જે એજન્સીના ટેન્ડર મંજુર થાય તે એજન્સીએ નગરપાલિકામાં રાષ્ટ્રીયકૃત બેંકની FDR/DD રૂા.૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) ની રકમ નગરપાલિકામાં સીકયોરીટી ડીપોઝીટ જમા કરાવી ધારા ધોરણ મુજબ ૩૦૦ ના સ્ટેમ્પ ઉપર કરાર લેખ કરી આપ્યા બાદ વર્ક ઓર્ડર આપવાની કાર્યવાહી કરવામાં આવશે.

(૫) નગરપાલિકાની નાણાંકીય ઉપલબ્ધતા અને અનુકુળતા પ્રમાણે નાણાંની ચુકવણી કરવાની કાર્યવાહી કરવામાં આવશે. તેમજ બીલમાંથી સરકારશ્રીના નિયમોનુસાર કપાત કરવાપાત્ર રકમ કપાત કરવામાં આવશે.

(૬) કામગીરીના બીલનું ચુકવણું નગરપાલિકાની આર્થિક સ્થિતિ/વ્યવસ્થા અનુસાર કરવામાં આવશે. આ અંગે એજન્સી કોઈ હક દાવો કે વિલંબીત વળતર વસુલાત અંગે કોઈ હકક દાવો કરી શકશે નહી. નગરપાલિકા ધ્વારા બીલના નાણાં ચુકવવામાં કોઈ કારણોસર વિલંબ થાય તો નકકી થયેલ કામમાં અને સમયમર્યાદામાં ઈજારદાર(કોન્ટ્રાકટર)નો વિલંબ ચાલશે નહી.

(૭) કોન્ટ્રાકટનો સમયગાળો પુરો થયા બાદ કામગીરી સંતોષપુર્વક જણાય તો સીકયોરીટી ડીપોઝીટ એક માસમાં પરત કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

૬. ટેન્ડરની શરતો :–

1. આવેલ ભાવોમાં સૌથી ઓછાભાવવાળાને લોએસ્ટ ગણવામાં આવશે અને કામગીરી કરવા આગળની કાર્યવાહી કરવામાં આવશે.
2. ઈજારદાર પેટા કોન્ટ્રકાટ આપી શકશે નહી પેટા કોન્ટ્રાકટ આપ્યા અંગે અંગે ધ્યાને આવશે તો ઈજારો રદ કરવામાં આવશે. અને ભરેલ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

3. નગરપાલિકા ધ્વારા આવેલ ટેન્ડર અંગે સૌ પ્રથમ ટેકનીકલ બીડ ખોલવામાં આવશે (તેના માટે ઉકત જણાવેલ તમામ ડોકયુમેન્ટ ફરજીયાત બીડાણ કરેલા હોવા જોઈએ) તેમાં યોગ્ય ઠરેલ ઈજારદારોના જ ફાઈનાન્સીયલ બીડ ખોલવામાં આવશે.
4. ટેન્ડર ભરનાર ઈજારદારે બેંકની ડીપોઝીટ રસીદ વિગેરે ટેકનીકલ બીડના કવરમાં રજુ કરવાની રહેશે. અન્યથા ટેન્ડર રદ ગણવામાં આવશે.
5. ઈ–ટેન્ડર સાથે સામેલ ભાવ પત્રકમાં જ ભાવ ભરવાનો છે તે સિવાયના ભાવો ધ્યાનમાં લેવામાં આવશે નહી.
6. જે એજન્સીના ભાવો મંજુર થાય તે એજન્સીએ નગરપાલિકા ધ્વારા આપેલ સમયમર્યાદામાં કામ શરૂ કરવામાં નહી આવે તો તેઓએ નગરપાલિકામાં જમા કરાવેલ

૭. કામગીરીની શરતો :–

1. ટેન્ડર મંજુર થયે ઈજારદારે એક વર્ષ સુધી કામગીરી કરવાની રહેશે. વર્ષ દરમિયાન કોઈ પણ જાતનો ભાવ વધારો આપવામાં આવશે નહી.
2. સમયમર્યાદામાં માલ સપ્લાય કરવામાં નહી આવે તો નોટીસ આપી સીકયોરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે અને સેકન્ડ લોએસ્ટ ને કામગીરી નો વર્ક ઓર્ડર આપવામાં આવશે. તેમાં ફર્સ્ટ લોએસ્ટનો કોઈ વાંધો કે તકરાર ચાલશે નહી.
3. એજન્સીએ નેગોશીએશન વખતે તમામ માલ સામાનના નમુના સાથે હાજર રહેવાનું રહેશે.
4. તમામ ટેક્ષ સાથેના ભાવ આપવાના રહેશે.
5. તકરાર અંગે ચીફ ઓફીસરનો નિર્ણય આખરી ગણાશે.
6. તકરાર અંગે ન્યાયનું ક્ષેત્ર ડીસા રહેશે.
7. ઈજારદારે ઉપર જણાવેલ તમામ શરતોનું ચુસ્તપણે અમલ કરવાનો રહેશે જો શરતોનો અમલ નહી થાય તો નોટીસ આપી ઈજારો રદ કરી સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે જેની નોંધ લેવી.

**ટેન્ડર સબમિશન :–**

- ટેન્ડર www.tender.nprocure.comપર ઓનલાઈન ભરવાનો રહેશે.
- ફીઝીકલ ડોકયુમેન્ટસ આર.પી.એ.ડી.થી વેબસાઈટ પર જણાવેલ સમયમર્યાદામાં ડીસા નગરપાલિકા કચેરીએ મોકલવાના રહેશે. જેના કવર ઉપર ભરનારનું પુરેપુરું નામ, સરનામું અને ટેલીફોન નંબર લખવાનો રહેશે. ટેકનીકલ બીડ સાથે રૂ.૩૦,૦૦૦/– EMDમાન્યતા પ્રાપ્ત બેન્કના ડીમાન્ડ ડ્રાફટ, પે–ઓર્ડર, બેન્ક ગેરેટીં પૈકી કોઈપણ એક સ્વરૂપે રજુ કરવાની રહેશે તથા ટેન્ડર ફી ના રૂ.૧૫૦૦/– નો ડીમાન્ડ ડ્રાફટ સામેલ કરવાનો રહેશે

તથા માંગેલ જરૂરી પાત્રતાના પુરાવા સ્કેન કોપી ટેન્ડર સાથે ઓનલાઈન અપલોડ કરી ટેકનીકલ બીડ મોકલવાના રહેશે.

| Sr.no | Name of work | unit | Rates |
|---|---|---|---|
| ૧ | મુઠા/ઝાડુ અંદાજીત ૬૦૦ થી ૭૦૦ ગ્રામ | નંગ–૧ ના ભાવ | |
| ૨ | વી–ટાઈપ પાવડી | નંગ–૧ ના ભાવ | |
| ૩ | ચોરસ ગેલ્વેનાઈઝ પાવડા | નંગ–૧ ના ભાવ | |
| ૪ | ચોરસ એમ.એસ. પાવડા | નંગ–૧ ના ભાવ | |
| ૫ | વી–ટાઈપ પાવડી લોખંડના લાંબા સળીયા વાળી | નંગ–૧ ના ભાવ | |
| ૬ | ઉભા હાથાવાળા ઝાડુ લાકડી સાથે | નંગ–૧ ના ભાવ | |
| ૭ | દંતાળી | નંગ–૧ ના ભાવ | |
| ૮ | ત્રિકમ | નંગ–૧ ના ભાવ | |
| ૯ | ઉભા હાથાવાળા પ્લાસ્ટિક બ્રશ ૩ ફુટ વિથ લોખંડના કલેમ્પ હાથા સાથે | નંગ–૧ ના ભાવ | |
| ૧૦ | માસ્ક (કોટન) | નંગ–૧ ના ભાવ | |
| ૧૧ | એસિડ | લીટર–૧ ના ભાવ | |
| ૧૨ | ફિનાઈલ વ્હાઈટ | લીટર–૧ ના ભાવ | |
| ૧૩ | ઉભા હાથાવાળા બ્રશ એમએસ વાયરવાળા | નંગ–૧ ના ભાવ | |
| ૧૪ | પીન્ક ટેબલેટ / યુરીનલ ટેબલેટ | નંગ–૧ ના ભાવ | |
| ૧૫ | ગમબુટ | નંગ–૧ ના ભાવ | |
| ૧૬ | એપ્રોન રીફલેકટેડ ડીસા નગરપાલિકા લખાણ સાથે | નંગ–૧ ના ભાવ | |
| ૧૭ | ગેલ્વેનાઈઝ સુપડી | નંગ–૧ ના ભાવ | |
| ૧૮ | કોદાળી | નંગ–૧ ના ભાવ | |
| ૧૯ | પાવડા,પાવડી, દંતાળી, કોદાળી, ત્રિકમ ના હાથા | નંગ–૧ ના ભાવ | |
| ૨૦ | ઉચીત જોડા | નંગ–૧ ના ભાવ | |
| ૨૧ | સ્વેટર સારી કવોલીટી (સ્ત્રી/પુરુષ માટે) | નંગ–૧ ના ભાવ | |
| ૨૨ | સેનેટાઈઝર ૧૦૦ એમ.એલ. | નંગ–૧ ના ભાવ | |
| ૨૩ | સેનેટાઈઝર ૨૦૦ એમ.એલ. | નંગ–૧ ના ભાવ | |
| ૨૪ | ડેટોલ સાબુ ૧૦૦ ગ્રામ | નંગ–૧ ના ભાવ | |
| ૨૫ | પેપર નેપકીન | નંગ–૧૦૦ ના ભાવ | |
| ૨૬ | ડેટોલ એન્ટીસેપટીક લિકવીડ ૫૦૦ એમ.એલ. | નંગ–૧ ના ભાવ | |
| ૨૭ | ડેટોલ હેન્ડવોશ ૫૦૦ એમ.એલ. | નંગ–૧ ના ભાવ | |
| ૨૮ | પાવડા, દંતાળી વિગેરેના હાથા પ્લાસ્ટીકના | નંગ–૧ ના ભાવ | |
| ૨૯ | ત્રિકમના હાથા પ્લાસ્ટિકના | નંગ–૧ ના ભાવ | |
| ૩૦ | દાતરડા | નંગ–૧ ના ભાવ | |
| ૩૧ | હેન્ડ ગ્લોઝ હેવી લાંબા | નંગ–૧ ના ભાવ | |
| ૩૨ | લાકડી ૫ ફુટ લાંબી મજબુત | નંગ–૧ ના ભાવ | |
| ૩૩ | દોરડું | કીલો–૧ ના ભાવ | |
| ૩૪ | સેન્ટેડ ફીનાઈલ | લીટર–૧ ના ભાવ | |
| ૩૫ | ગેલ્વેનાઈઝ ડોલ ૧૦ લીટર | નંગ–૧ ના ભાવ | |
| ૩૬ | સેનેટરી પેડ | નંગ–૧ ના ભાવ | |
| ૩૭ | પીવીસી તગારા ૧૬" | નંગ–૧ ના ભાવ | |
| ૩૮ | પીવીસી તગારા ૧૮" | નંગ–૧ ના ભાવ | |

| | | | |
|---|---|---|---|
| ૩૯ | ગેલ્વેનાઈઝ તગારા ૧૬" | નંગ–૧ ના ભાવ | |
| ૪૦ | ગેલ્વેનાઈઝ તગારા ૧૮" | નંગ–૧ ના ભાવ | |
| ૪૧ | વાંસી લોખંડના હાથા સાથે | નંગ–૧ ના ભાવ | |
| ૪૨ | વાંસી લાકડીના હાથા સાથે | નંગ–૧ ના ભાવ | |
| ૪૩ | નીફા ઈન્ડોનેશીયન ઝાડુ અંદાજીત ૬૦૦ થી ૭૦૦ ગ્રામ | નંગ–૧ ના ભાવ | |
| ૪૪ | રેઈન કોટ સારી કવોલીટી સ્ત્રીઓ માટે | નંગ–૧ ના ભાવ | |
| ૪૫ | રેઈન કોટ સારી કવોલીટી પુરૂષો માટે | નંગ–૧ ના ભાવ | |
| ૪૬ | પહોળી કુહાડી હાથા સાથે | નંગ–૧ ના ભાવ | |
| ૪૭ | કુહાડા હાથા સાથે ૨.૦ કે.જી. | નંગ–૧ ના ભાવ | |
| ૪૮ | ઘણ હાથા સાથે ૩.૦ કે.જી. | નંગ–૧ ના ભાવ | |
| ૪૯ | ઘણ હાથા સાથે ૪.૦ કે.જી. | નંગ–૧ ના ભાવ | |
| ૫૦ | નરાશ લાંબી ૩ ફુટ | નંગ–૧ ના ભાવ | |
| ૫૧ | નરાશ લાંબી ૪ ફુટ | નંગ–૧ ના ભાવ | |
| ૫૨ | ગ્રીન નેટ | પ્રતિ ચો.મીટર | |
| ૫૩ | યુરીનલ સ્ક્રીનમેટ | નંગ–૧ ના ભાવ | |
| ૫૪ | ગોધરેજ ઓટોમેટીક રૂમ ફ્રેસનર રીફીલ સાથે (૨૨૫ એમ.એલ.) | નંગ–૧ ના ભાવ | |
| ૫૫ | ગોધરેજ ઓટોમેટીક રૂમ ફ્રેસનર રીફીલ (૨૨૫ એમ.એલ.) | નંગ–૧ ના ભાવ | |
| ૫૬ | હારપીક | લીટર–૧ ના ભાવ | |